# ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ ઉમેદવારો માટે પ્રવેશ કન્ફર્મ (Confirm) કરાવવા બાબતે અગત્યની સૂચના

ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોના પ્રથમ રાઉન્ડમાં જે ઉમેદવારોને પ્રવેશ ફાળવવા મા આવેલ છે તેવા વિદ્યાર્થીઓએ:

1. પ્રવેશ કન્ફર્મ (admission confirm) કરવા ની સમયમર્યાદા 23.09.2021 થી 27.09.2021 છે.
2. સૂચના-૧ માં ઉલ્લેખિત સમયગાળા દરમિયાન ક્રેડિટ કાર્ડ/ડેબિટ કાર્ડ/નેટ બેન્કિંગ/UPI નો ઉપયોગ કરીને પોતાના લોગીન થકી ફક્ત ઓનલાઈન પેમેન્ટ મોડ દ્વારા આ એલોટમેન્ટ લેટર પર છપાયેલી ટોકન ટ્યુશન ફી ભરી ને પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે.
3. નિર્ધારિત સમયમર્યાદામાં ઓનલાઇન ચુકવણી ગેટવે દ્વારા ફી ની ચુકવણી થયા પછી, તમારું પ્રવેશ આપમેળે તરત જ કન્ફર્મ (confirm) થશે.
4. જો એલોટમેન્ટ લેટરમાં ફીનો ઉલ્લેખ શૂન્ય હોય તો ઉમેદવારનો પ્રવેશ આપોઆપ કન્ફર્મ થયેલ છે. તેઓ તેમનો એડમીશન લેટર સીધો મેળવી શકશે. અને જો તમે આ પ્રેવશ ફાળવણી કન્ફર્મ કરવા માંગતા નથી, તો તમે પ્રવેશ રદ કરી શકો છો.
5. એડમિશન સ્લિપ પ્રિન્ટ કરવા માટે, તમારે લોગીન કરી ને “Admission Details” મેનુ હેઠળ એડમિશન સ્લિપ પર ક્લિક કરીને એડમિશન સ્લિપનું પ્રિન્ટઆઉટ લઈ શકો છો. જો તમે સમય મર્યાદામાં તમને ફાળવેલ પ્રવેશ જો આપ કન્ફર્મ નાં કરો તો આ ફાળવણી રદ કરવામાં આવશે. પરંતુ કાઉન્સેલિંગના આગલા રાઉન્ડમાં આપ ભાગ લઇ શકશો. જો ઉમેદવાર ફાળવેલ પ્રવેશ કન્ફર્મ ન કરે તો બીજા રાઉન્ડમાં એ બેઠક મેળવવા પાત્ર થશે નહિ.
6. જો તમે અનુસૂચિત જાતિ (એસસી) અથવા અનુસૂચિત જનજાતિ (એસટી) કેટેગરીના છો અને સેલ્ફ ફાઇનાન્સ ઇન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ મળેલ છે અને ફી ચલાનમાં દર્શાવેલ ફી શૂન્ય છે, તો તમારે પ્રવેશ મળેલ સંસ્થામાં "ફ્રી શિપકાર્ડ" જમા કરાવવું પડશે. અન્યથા તમારે સંસ્થાને લાગુ પડતી ફી ભરવાની રહેશે.
7. જો તમે ફાળવેલ પ્રવેશ રદ(Withdraw) કરવા માંગતા હોવ તો નિયત સમય મર્યાદામાં તમારા ખાતામા લોગીન કરી ને “Admission Details” -> “Admission withdraw” બટન ક્લિક કરો. તમારા મોબાઇલ પર પ્રાપ્ત ઓટીપી (OTP) દાખલ કરો અને ”Confirm Admission/ Withdraw” બટન ક્લિક કરો.
8. ઉમેદવારોને કેન્દ્ર / રાજ્ય સરકારની માર્ગદર્શિકા, COVID-19 સંબંધિત પ્રોટોકોલ અને નિયમો નું પાલન કરવા વિનંતી છે.

**23.09.2021**

-સભ્ય સચિવ